# ૪. અપશુકનિયાળ કોણ ?

♦ ચાલો વાર્તા સાંભળીએ.



આસ્થા નામની એક તમારા જેવડી જ છોકરી હતી. તે પણ છઠ્ઠા ધોરણમાં જ ભણતી હતી. એક વખત તે શાળામાં આવવા નીકળી ત્યારે તેની મમ્મીએ તેને કહ્યું કે, 'બેટા, હું તારી સાથે જ આવું છું. શ્રદ્ધાનું એડમિશન લેવાનું છે.' આસ્થા તેની બહેન શ્રદ્ધાને લઈને શાળાએ જવા તૈયાર થઈ ગઈ. તેની મમ્મી પણ તૈયાર જ હતી. તે ચંપલ પહેરવા જતી હતી ત્યાં જ તેના સાસુને છીંક આવી. તેની સાસુએ તેને રોકતા કહ્યું કે, ''પાંચ મિનિટ ખમી જા. અપશુકન થયા માટે એડમીશન નહિ મળે.'' પરંતુ આસ્થાની મમ્મી ભણેલી બહુ નહોતી પણ ગણેલી હતી. તેનામાં વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનો સારો એવો વિકાસ થયો હતો. તેણે તેની સાસુને કહ્યું કે, ''બા, ચિંતા નહિ કરો. શુકન-અપશુકન જેવું કંઈ જ હોતું નથી. શ્રદ્ધા બરાબર બોલશે જ એવો મને વિશ્વાસ છે. તેથી તેને એડમીશન પણ જરૂર મળશે.'' આમ કહી તે આસ્થા સાથે ચાલી નીકળી.

શાળામાં આચાર્યાએ પૂછેલા દરેક પ્રશ્નના જવાબ શ્રદ્ધાએ આત્મવિશ્વાસપૂર્વક આપ્યા. તેને એડમીશન પણ મળી ગયું. તે ખુશ થતી ઘરે આવી. શ્રદ્ધાને દાદીને પગે લગાડી. પોતે પણ સાસુને નમન કર્યા અને કહ્યું કે, ''બા, જુઓ શ્રદ્ધાને એડમીશન મળી ગયું છે. તમને છીંક આવી હતી તે કુદરતી હતી. તેમાં અપશુકન થાય જ નહિ. હવે તો તમે મારી વાત સાથે સહમત છો ને ?'' તેની સાસુએ તેના માથા ઉપર વહાલપૂર્વક હાથ ફેરવ્યો અને કહ્યું કે, ''હા બેટા-તારી વાત સાવ સાચી છે. હવેથી હું પણ શુકન-અપશુકનમાં નહિ માનું-બસ.''



આ વાર્તા ઉપરથી તમે શો અર્થ તારવ્યો તેની દરેકેદરેક વિદ્યાર્થીઓ અંદરોઅંદર ચર્ચા કર્યા પછી તમારો સ્પષ્ટ અભિપ્રાય મોટેથી વર્ગમાં કહો.

# અપશુકનિયાળ કોણ ?



એક ગામમાં નારાયણ નામનો એક માણસ રહેતો હતો. લોકો તેને અપશુકનિયાળ માનતા હતા. લોકોનું માનવું હતું કે તેનું મોં જોવાથી ખાવાનું સુદ્ધાં મળતું નથી. આ વાત જ્યારે ગામના રાજાને ખબર પડી ત્યારે રાજાએ તેને જોવાની ઇચ્છા કરી. તરત જ તેને દરબારમાં બોલાવવામાં આવ્યો.

રાજાએ નારાયણને જોયો. પછી તરત જ થોડા સિપાઈ સાથે કંઈ કામ અર્થે બીજા ગામે જવા નીકળી પડ્યા. તે દિવસે રાજાનું કોઈ જ કામ ન થયું. તેની ગાડી પણ કાદવમાં ફસાઈ ગઈ. અનેક મુશ્કેલી વેઠીને રાજા ભૂખ્યા, તરસ્યા ઘરે પાછા આવ્યા. ત્યારે એક સિપાઈએ કહ્યું, ‘‘મહારાજ, આપે આજે નારાયણનું મોં જોયું એટલે જ આમ બન્યું.’’ રાજાએ તરત જ નારાયણને ફાંસી આપવાનો હુકમ કર્યો.

નારાયણને દરબારમાં બોલાવી તેને સજા સંભળાવી અને ફાંસી આપવાનો દિવસ નક્કી કર્યો.

જ્યારે નારાયણને ફાંસી આપવાની હતી ત્યારે રાજાએ તેને આખરી ઇચ્છા પૂછી ત્યારે નારાયણે અતિ નમ્રતાથી કહ્યું, ‘‘મારી આખરી ઇચ્છા તો કાંઈ નથી પરંતુ આપ રજા આપો તો મારે એક વાત કહેવી છે.’’ રાજાએ વાત કહેવાની રજા આપી તેથી નારાયણ બોલ્યો, ‘‘મહારાજ, આપે મારું મોઢું જોયું તો આપને ભોજન ન મળ્યું અને મેં આપનું મોઢું જોયું તો મને ફાંસી મળી. હવે આપ જ કહો અપશુકનિયાળ કોણ છે ?’’

રાજાએ શરમિંદગી અનુભવી અને નારાયણને છોડી મૂક્યો.

## સ્વાધ્યાય



**સ. ૧ નીચેના શબ્દો માટે કૃતિમાં વપરાયેલા શબ્દો શોધો.**

| | | | |
|---|---|---|---|
| ૧) કચેરી | – ...................... | ૨) તકલીફ | – ...................... |
| ૩) આજ્ઞા | – ...................... | ૪) અંતિમ | – ...................... |
| ૫) ભોંઠપ | – ...................... | ૬) મરજી | – ...................... |

**સ. ૨ નીચેના શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.**

૧) રાજા ૨) ભોજન ૩) દિવસ ૪) ફાંસી

**સ. ૩ સહસંબંધ ધરાવતો શબ્દ કૌંસમાંથી પસંદ કરો.**

(અપશુકન, અનિચ્છા, પ્રથમ, બિનઅનુભવ, રાત, નમ્ર)

| | | | |
|---|---|---|---|
| ૧) શુકન | – અપશુકન | ૨) ઉદ્ધત | – ...................... |
| ૩) ઇચ્છા | – ...................... | ૪) આખરી | – ...................... |
| ૫) અનુભવ | – ...................... | ૬) દિવસ | – ...................... |

**સ. ૪ 'અપશુકનિયાળ' શબ્દમાંથી જેટલા નવા શબ્દો બની શકે તેટલા બનાવો.**

**(દા.ત. પળ, પશુ, કળ) ગમે તેટલા અક્ષરના શબ્દ બનાવી શકાય.**

**સ. ૫ નીચેનાં વિરામચિહ્નો ઓળખીને લખો.**

(૧) ? (૨) . (૩) , (૪) ! (૫) : (૬) ' '

**સ. ૬ શબ્દોને યોગ્ય ક્રમમાં ગોઠવી અર્થપૂર્ણ વાક્ય બનાવો.**

૧) હતો રહેતો માણસ નારાયણ એક નામનો ગામમાં

૨) દરબારમાં આવ્યો બોલાવવામાં જ તરત તેને

૩) તો આપો રજા પરંતુ છે વાત આપ મારે એક કહેવી

♦ **સંભાષણ :** તમે પરીક્ષા આપવા ઘરેથી નીકળ્યા ત્યારે પાડોશીની બિલાડીએ તમારા ઘરમાં પ્રવેશ કર્યો – તો તમે શું કરશો ? તે કહો.

**સ. ૭ કહો જોઈએ.**

૧) નારાયણને અપશુકનિયાળ માનનાર ..............................................

૨) નારાયણને ફાંસી આપવાની સજાનો હુકમ આપનાર ..............................

૩) રાજા સાથે જનાર ..............................................................

૪) રાજાને ચતુરાઈપૂર્વક અપશુકનિયાળ ગણાવનાર ..................................

૫) કાદવમાં ફસાઈ જનાર ..........................................................

સ. ૮ નીચેનાં વાક્યો કોણ બોલે છે અને કોને કહે છે તે લખો.

૧) 'મહારાજ, આપે આજે નારાયણનું મોં જોયું એટલે જ આમ બન્યું.'

૨) 'આપ રજા આપો તો મારે એક વાત કહેવી છે.'

૩) 'હવે આપ જ કહો કે અપશુકનિયાળ કોણ છે ?'

સ. ૯ યોગ્ય વિકલ્પ પસંદ કરીને વાક્ય પૂર્ણ કરો.

૧) રાજાની ગાડી ..........................................

(ક) કાદવમાં ફસાઈ ગઈ.

(ખ) કૂવામાં પડી ગઈ.

(ગ) ટ્રક સાથે અથડાઈ ગઈ.

૨) રાજાએ નારાયણને ..........................................

(ક) ફટકા મારવાનો હુકમ કર્યો.

(ખ) ફાંસી આપવાનો હુકમ કર્યો.

(ગ) જેલમાં પૂરવાનો હુકમ કર્યો.

૩) રાજાએ શરમિંદગી અનુભવી. કારણ કે, ........................................

(ક) નારાયણે તેને લાફો માર્યો.

(ખ) નારાયણે તેનું અપમાન કર્યું.

(ગ) નારાયણે તેને ચતુરાઈપૂર્વક અપશુકનિયાળ ઠેરવ્યો.

સ. ૧૦ નીચેની પ્રક્રિયાને ક્રમમાં ગોઠવો :

૧) નારાયણને ફાંસી આપવાનો હુકમ કર્યો.

૨) રાજાનું કોઈ જ કામ ન થયું.

૩) રાજાએ નારાયણને છોડી મૂક્યો.

૪) નારાયણને દરબારમાં બોલાવવામાં આવ્યો.

૫) રાજાએ નારાયણને આખરી ઇચ્છા પૂછી.

સ. ૧૧ તમારા શબ્દોમાં વાક્ય પૂર્ણ કરો.

૧) આપે મારું મોઢું જોયું ..............................................................

..........................................................................................

૨) લોકો નારાયણને અપશુકનિયાળ માનતા હતા.

કારણ કે તેઓનું માનવું હતું કે, ..................................................

..........................................................................................

૩) તમે નારાયણને/રાજાને અપશુકનિયાળ માનો છો. કારણ કે ..................

..........................................................................................



## પ્રકલ્પ

- તમારી શાળામાં 'અંધશ્રદ્ધા નિર્મૂલન સપ્તાહ'ની ઉજવણી થઈ રહી છે. તે અંતર્ગત નીકળનારી પ્રભાતફેરીની પૂર્વતૈયારી રૂપે 'અંધશ્રદ્ધા દૂર કરવા બાબતના સંદેશાસૂત્રો' લખેલા બેનરો તૈયાર કરો.

## હું વાંચું ... તમે પણ વાંચો



**તમે આમાં માનો છો ?**

- કોઈ પણ કામ કરવા જતી વખતે બિલાડી આડી ઊતરે તો આપણે અપશુકન માનીએ છીએ પરંતુ કામને અને બિલાડીને કોઈ સંબંધ નથી.
- આરતી કરતી વખતે જો દીવો ઓલવાઈ જાય તો આપણે અપશુકન માનીએ છીએ પરંતુ દીવો હવાથી ઓલવાયો હોય અથવા તો ઘી ઓછું – વધારે પૂરાઈ ગયું હોય તો દીવો ઓલવાઈ જવાની શક્યતા રહે છે.
- બહાર જતી વખતે કોઈને છીંક આવે તો આપણે તેને પણ અપશુકન માનીએ છીએ. ખરી રીતે છીંકને અને બહાર જવાને કોઈ જ સંબંધ નથી.
- હકીકત તો એ છે કે સાચી મહેનત અને ઈમાનદારીથી થતાં કોઈ પણ કાર્યને કોઈ જ શુકન કે અપશુકન નડતાં નથી તે આપણે સૌએ સમજવાની જરૂર છે, સાથે બીજાને સમજાવવાની પણ આપણી નૈતિક ફરજ છે.

---

## અધ્યાપન સંકેત



કૃતિની શરૂઆતમાં આપેલા પ્રસંગને વાર્તારૂપે કહો. પછી દરેક વિદ્યાર્થીના ઘરમાં બનતા આવા નાના–મોટા પ્રસંગો વિશે રચનાત્મક સંવાદ સાધો. તે દ્વારા બાળકોના અંગત વિચારો જાણી તેમાં જરૂર જણાય ત્યાં વૈજ્ઞાનિક અભિગમને સાંકળી વિદ્યાર્થીઓના મનમાં અંધશ્રદ્ધા પ્રત્યેના નકારને સ્થાપવા પર્યાપ્ત પ્રયત્ન કરવા. પ્રશ્નોત્તર અને સ્પષ્ટીકરણ દ્વારા વિષયવસ્તુનો સ્પષ્ટ ખ્યાલ આપો. અંતમાં આ પ્રસંગનું વર્ગમાં નાટ્યીકરણ અવશ્ય કરાવો. નારાયણ અને રાજાના પાત્રો બદલીને પાંચથી સાત વખત આ નાટિકાનું પ્રાત્યક્ષિક કરાવો. આ કૃતિ દ્વારા વિદ્યાર્થીઓનો વૈજ્ઞાનિક દૃષ્ટિકોણ વિસ્તૃત બને તે માટેની કાળજી રાખો. શુભ કે અશુભ દિવસો જેવું પણ કંઈ જ હોતું નથી. તે વાત વિદ્યાર્થીઓના મગજમાં ઠસાવવું જરૂરી છે.

**શ્રદ્ધા જરૂર રાખો – અંધશ્રદ્ધા નહિ જ નહિ.**

## ઉપક્રમ - ૧

♦ આપેલા શબ્દચોરસમાં તહેવારોનાં નામ આડાઅવળાં કે ત્રાંસા છૂપાયેલાં છે તે શોધો અને તેની ફરતે ⬭ કરો. નમૂનાનું એક કરી બતાવેલ છે.

| | | | | | | |
|---|---|---|---|---|---|---|
| રા | દ | ન | ધ | બં | ક્ષા | ર |
| ઈ | મ | લ | મ | જ | ધૂ | લ |
| ના | તા | ન | જ | ન્મા | ળે | હો |
| ના | ર | વ | વ | ષ્ટ | ટી | ળી |
| ઉ | ત | રા | ણ | મી | વા | પ |
| અ | ખા | ત્રી | જ | દિ | પા | તે |
| ગ | ણે | શ | ચ | તુ | ર્થી | તી |

૧) રક્ષાબંધન ૨) હોળી ૩) ધૂળેટી ૪) નાતાલ ૫) નવરાત્રી
૬) જન્માષ્ટમી ૭) અખાત્રીજ ૮) પતેતી ૯) ગણેશચતુર્થી
૧૦) ઉતરાણ ૧૧) ઈદ ૧૨) રામનવમી ૧૩) દિવાળી

♦ આપેલાં ચિત્રો ઓળખી તેના વિશે બે - બે વાક્યો લખો.

